# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૭/ક્વા-૩/૧૯-૨૦/ ૮૨૭૧–d** **તા.૧૭–૧૨–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **નથુભાઈ રાજશીભાઇ ગોજીયા** ગામ: **નારણપુર (બાંકોડી), તા.કલ્યાણપુર**

રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **દ્વારકા**

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **એ.એચ.વાઘેલા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **દ્વારકા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી

તારીખ: ૦૩-૧૨-૨૦૧૯ ( મંગળવાર )

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૩-૧૨-૨૦૧૯ ( મંગળવાર ) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર / ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર નથુભાઈ રાજશીભાઇ ગોજીયા ગામ -**નારણપુર (બાંકોડી), તા.કલ્યાણપુર** - તેઓની અરજીના નોંધણી નં: ૭/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ કલ્યાણપુર તાલુકાના નારણપુર ગામે સર્વે નંબર: ૧૦૦૫ માં ઘરવપરાશ હેતુ નુ વીજજોડાણ ગ્રાહક નં.: ૮૫૭૧૫/૦૦૨૧૫/૦ થી ધરાવે છે. સદર મીટર તા.૨૯–૦૯–૧૮ ના રોજ પર્ફોમા –૧૫ નંબર: ૩૭૦૧૪ થી બદલાવેલ. જે મીટરની લેબોરેટરી માટે ૦૩ તારીખ આપવાની હોય – તે જણાવેલ નથી. તેમજ, અરજદાર ની ગેરહાજરીમાં મીટર ની લેબોરેટરીમા ચકાસણી કરાયેલ છે. ત્યારબાદ, આશરે ૦૧ વર્ષ પછી તા.૦૫–૧૦–૧૯ ના રોજ સદર વીજજોડાણ નુ ટ્રાન્સફોર્મર બળી ગયેલ હોવાથી તા.૦૫–૧૦–૧૯ ના રોજ કલ્યાણપુર પેટા વિભાગીય કચેરીમાં ફરીયાદ નં. – ૫૭૨૪૨ થી નોંધાવેલ જે અન્વયે હેલ્પર દ્વારા ચકાસણી કરીને રીપોર્ટ આપેલ હતો. જે ટ્રાન્સફોર્મર ફેઈલ હોય – બદલાવવામા ન આવતા – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને મૌખિક જણાવેલ જણાવેલ કે – સદર વીજજોડાણ ની બાકી રકમ ભરપાઈ થયા બાદ – ટ્રાન્સફોર્મર બદલી આપવામા આવશે. આમ, સદર જુનુ બદલાવેલ મીટર અરજદાર ની હાજરીમાં લેબોરેટરીમાં ચકાસણી કરવામા આવેલ ન હતુ. તેમજ, લેબોરેટરી રીપોર્ટ પણ અપાયેલ નથી. આમ, માહે સપ્ટેમ્બર–૧૮ મા મીટર બદલાવેલ હોય –

જેનુ ગેરકાયદેસર રીતે – રકમ ભરપાઈ કરવાનુ દબાણ કરાયેલ છે. જેથી, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી નથુભાઈ રાજશીભાઈ ગોજીયા દ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. નારણપુર (બાકોડી) ખાતે વીજ બિલ માટે રજૂઆત કરેલ. તેમજ અરજદાર ના વીજજોડાણમાં લગાડેલ મીટરમાં '' F'' આવતો હોય – જે તે સમયે – જે રીડીંગ હતા, તે મુજબ બીલ આપી દીધેલ – ત્યારબાદ '' F'' મુજબ ના રીડીંગ બાદ કરીને રૂ.૫,૬૩૭/– તા.૦૯–૧૧–૧૯ ના રોજ જમા આપેલ છે. જે બદલ – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થતા – અરજદારે તા.૧૯.૧૧.૨૦૧૯ ના રોજ ની સમાધાન પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ અરજદાર ની રજુઆત મુજબ – ૦૫ કેવીએનુ ટ્રાન્સફોર્મર તા.૨૨–૧૧–૧૯ ના રોજ બદલાવી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર નથુભાઈ રાજશીભાઇ ગોજીયા ગામ -નારણપુર **(બાંકોડી), તા.કલ્યાણપુર** - તેઓની અરજીના નોંધણી નં: ૭/ક્વા-3/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓ કલ્યાણપુર તાલુકાના નારણપુર ગામે સર્વે નંબરઃ ૧૦૦૫ માં ઘરવપરાશ હેતુ નુ વીજજોડાણ ગ્રાહક નં.: ૮૫૭૧૫/૦૦૨૧૫/૦ થી ધરાવે છે.

૪.૨ અરજદારે રાજીખુશી થી, સદર વિષય સબંઘક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૧૯–૧૧–૧૯ નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનુ રહેતુ ન હોય, અરજદાર ની અરજી દફતરે કરવામા આવે છે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૨ મુજબ ની વિગતે – હુકમ કરવામા આવે છે.

૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |